# વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરની ફિલિપાઈન્સની મુલાકાત (25-27 માર્ચ, 2024)

27 માર્ચ, 2024

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે 25-27 માર્ચ, 2024 દરમિયાન ફિલિપાઈન્સની સત્તાવાર મુલાકાત લીધી. વિદેશમંત્રીએ ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી ફર્ડિનાન્ડ આર. માર્કોસ જુનિયર સાથે મુલાકાત કરી અને તેમને વડાપ્રધાન મોદીની શુભેચ્છાઓ પાઠવી. તેમણે રાષ્ટ્રપતિ માર્કોસને ભારત-ફિલિપાઈન્સ ભાગીદારીમાં તાજેતરના વિકાસ અને દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા સંયુક્ત પહેલ વિશે પણ માહિતી આપી.

2. વિદેશમંત્રીએ તેમના સમકક્ષ, ફિલિપાઈન્સના વિદેશી બાબતોના સચિવ મહામહિમ શ્રી એનરિક એ. મનાલોની પણ મુલાકાત લીધી. બંને મંત્રીઓએ જૂન 2023માં નવી દિલ્હીમાં આયોજિત દ્વિપક્ષીય સહકાર પરના સંયુક્ત આયોગની પાંચમી બેઠક બાદથી દ્વિપક્ષીય સહકારમાં થયેલી પ્રગતિની નોંધ લીધી અને રાજકીય આદાનપ્રદાન, વેપાર અને રોકાણ, સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષા, વિકાસ ભાગીદારી, આરોગ્યસંભાળ અને દવા, કૃષિ અને ખાદ્ય સુરક્ષા, શિક્ષણ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, નવી તકનીકોમાં જોડાવું અને લોકોના પરસ્પર વિનિમય સહિત તમામ સંયુક્ત બાબતોની સમીક્ષા કરી. તેમણે પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરવાની સાથે બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાના માર્ગો પણ દર્શાવ્યા હતા. દ્વિપક્ષીય સંબંધોની શરૂઆતની 75મી વર્ષગાંઠ નિમિત્તે સ્મારક કાર્યક્રમો યોજવા બાબતે પણ પરસ્પર સંમતિ થઈ હતી.

3. વિદેશમંત્રી ફિલિપાઈન્સના રાષ્ટ્રીય સંરક્ષણ સચિવ, મહામહિમ શ્રી ગિલ્બર્ટ ટીઓડોરોને પણ મળ્યા. બંને નેતાઓએ સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષામાં વધતા સહયોગનું સ્વાગત કર્યું. ક્ષમતા નિર્માણ, સંયુક્ત કવાયતો, માહિતીનું આદાન-પ્રદાન અને સંરક્ષણ ઔદ્યોગિક સહયોગ દ્વારા દ્વિપક્ષીય સંરક્ષણ સંબંધોમાંને દ્રઢ ગતિએ આગળ વધારવા બાબતે સાર્થક ચર્ચાઓ કરવામાં આવી હતી.

4. વિદેશમંત્રીએ ફિલિપાઈન સરકારના વરિષ્ઠ અધિકારીઓ, ફિલિપાઈન સંરક્ષણ દળોના સભ્યો અને હાલમાં મનિલા ખાતે પોર્ટ કોલ પર સેવારત ભારતીય કોસ્ટ ગાર્ડ જહાજ સમુદ્ર પહેરેદારમાં ઓનબોર્ડ ભારતીય દળની સભાને પણ સંબોધિત કરી.

5. વિદેશમંત્રીની મુલાકાતથી ભારત અને ફિલિપાઈન્સ વચ્ચે ચાલી રહેલી સંયુક્ત બાબતોની સમીક્ષા કરવાની અને બંને દેશો વચ્ચે વિકસતા દ્વિપક્ષીય સંબંધોને સમયસર વધુ વેગ આપવાની તક પૂરી પડી છે.

**મનીલા**
**27 માર્ચ, 2024**